


## ભારતીય સ્ટેટ બેંકના ચેરમેન અરુંધતિ ભટ્ટાચાર્ય અમદાવાદની મુલાકાતે

ભારતીય સ્ટેટ બેંકના ચેરમેન શ્રીમતી અરુંધતિ ભટ્ટાચાર્ય તા. ૧૯-૯-૨૦૧૬ના રોજ સ્ટેટ બેંક લર્નિંગ સેન્ટર, ગાંધીનગરની મુલાકાતે આવેલ. બેંકની સામાજિક સેવા બેકિંગ પ્રવૃત્તિ અંતર્ગત ગુજરાતની સેવાભાવી સંસ્થાઓને અનુદાન આપવા માટે આયોજિત સમારોહમાં તેઓશ્રીના વરદ હસ્તે લાયન્સ ક્લબ ઓફ બીલીમોરા ફાઉન્ડેશન, જિલ્લો નવસારી, ગુજરાતની નવી મોબાઈલ બ્લડ કલેક્શન વાન અને જલારામ ગૌ શાળા, જિલ્લો ભાંભર, ગુજરાતની નવી એનિમલ કારકસ્સ લિફ્ટિંગ વાનનું લોકાર્પણ કર્યુ. તથા રાજયોગ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન (ધ બ્રહ્માકુમારીસ) અમદાવાદને રૂ. ૪,૯૮,૫૦૦ અનુદાન અને શ્રીમદ રાજચંદ્ર સેવા કેન્દ્ર (ટ્રસ્ટ), વેજલપુર, અમદાવાદને રૂ. ૨૪,૦૦,૦૦૦ અનુદાન પેટે આપ્યા.

## ગાંધીનગરના ૬ સ્વીમર્સ ૨૪મીએ રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના ૬ તરવૈયાઓ ત્રીજી નેશનલ માસ્ટર્સ એક્વેટીક ચેમ્પીયનશીપમાં ગુજરાતનું અને પાટનગરનું પ્રતિનિધિત્વ કરશે.

આગામી તા. ૨૪ અને ૨૫ સપ્ટેમ્બરે તેલંગાણાના સિકંદરાબાદ ખાતે આ નેશનલ માસ્ટર્સ એક્વેટીક ચેમ્પીયનશીપ-૨૦૧૬ યોજાવાની છે. દેશભરના રાજ્યોના ૨૫ થી ૭૫ વર્ષની વયજૂથના સ્વીમર્સ આ ચેમ્પીયનશીપમાં ભાગ લઈ રહ્યા છે.

ગાંધીનગર સેકટર-૨૧ જિમખાનાના વરિષ્ઠ સ્વીમીંગ કોચશ્રી ભગતના પ્રશિક્ષણમાં પાટનગરના તરવૈયાઓ ઉદય વૈશ્નવ, શરદ વ્યાસ, અશોક રાઠોડ, રણજિતસિંહ ઝાલા, રામભાઈ પરમાર અને મહિલા તૈરાક મનિષાબહેન ત્રિપાઠી માસ્ટર્સ ચેમ્પીયનશીપની વિવિધ સ્પર્ધાઓમાં તરણ કૌવત ઝળકાવશે.

## માણસા ખાતે હિરાવાડી સોસાયટીના નવરાત્રિ મહોત્સવના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૧

દર વર્ષની જેમ આ વર્ષે પણ હિરાવાડી સોસાયટીમાં ધામધૂમ અને શ્રદ્ધાપૂર્વક નવરાત્રિનું આયોજન કરવામાં આવે છે. ત્યારે આગામી વર્ષ ૨૦૧૬ની નવરાત્રિ મહોત્સવ માટે તા. ૧૯-૯-૨૦૧૬ના રોજ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦૧૬ની નવરાત્રિ મહોત્સવ માટે યુવક મંડળની રચના કરવામાં આવી છે. જેમાં મંડળના પ્રમુખ તરીકે સાધુ નિરંજકુમાર (રવિ) કનૈયાલાલ, ઠાકોર આનંદકુમાર શકરાજી ઉપપ્રમુખ, પટેલ દિપકકુમાર એમ. ખજાનચી, બારોટ ભરતભાઈ ચુનીલાલ, કારોબારી સભ્ય, મિસ્ત્રી અશ્વિનભાઈ, કારોબારી સભ્યની સર્વાનુમતે વરણી કરી છે.

### બજેટ સામેલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મળેલી માહિતી મુજબ સરકારી આવક, ખર્ચ અને રોકાણના પ્રસ્તાવ રાખવા અને પસાર કરવાના મામલામાં એક મોટા ફેરફાર કરતા નિર્ણય હેઠળ મંત્રીમંડળે વાર્ષિક સામાન્ય બજેટ ફેબ્રુઆરીના અંતની પરંપરાગત તારીખથી એક મહિના પહેલા રજૂ કરવાના નાણામંત્રાલયના પ્રસ્તાવને પણ લીલીઝંડી આપી દીધી છે. આની સાથે સાથે રેલવે બજેટને અલગરીતે રજૂ કરવાની જુની પરંપરાનો અંત આવી ગયો છે. આ નિર્ણય હેઠળ હવે બજેટને સરળ કરવા અને કામકાજની સરળતા માટે સરકારી ખર્ચને યોજના અને બિનયોજના ખર્ચમાં વર્ગીકૃત કરવાની વ્યવસ્થા સમાપ્ત કરવાની દરખાસ્તને પણ મંજુરી આપી દીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં સામાન્ય બજેટને ફેબ્રુઆરીના બદલે એક મહિના પહેલા રજૂ કરવાના પ્રસ્તાવને મંજુરી આપી દીધી હતી.

### તખ્તો તૈયાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

યુએનમાં કાશ્મીર મુદ્દો ઉઠાવવાના પ્રયાસ કરી રહેલા પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફને તેમની ભાષામાં જવાબ અપાશે. ઈન્ટેલીજન્સ અને સેનાના અધિકારીઓએ વડાપ્રધાનને ખીણમાં ઉભી થયેલી સ્થિતિ અંગે માહિતી આપી હતી. સેનાએ કયા કયા પગલા લીધા છે તેની માહિતી આપી હતી. એલઓસી અને આસપાસના વિસ્તારોમાં સેનાની મુવમેન્ટ અને કાર્યવાહી અંગે માહિતી આપવામાં આવી છે. મોદીએ સુરક્ષા અધિકારીઓને સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ત્રાસવાદીઓનો ખાત્મો કરવા કોઈ બાંધછોડ કરવામાં ન આવે તે જરૂરી છે. મોદી સરકાર ઉપર પાકિસ્તાન સામે કઠોર કાર્યવાહી કરવાનું દબાણ ખુબ વધી ગયું છે. ઉરી ત્રાસવાદી હુમલામાં ૧૮ જવાનો શહીદ થયા હતા. મિટિંગ બાદ અન્ય વ્યૂહરચના ઉપર પણ ચર્ચા થઈ રહી છે. ત્રણેય મોરચા ઉપર પાકિસ્તાનને ભીંસમાં લેવામાં આવશે. ગૃહમંત્રીએ મંગળવારના દિવસે પણ સમીક્ષા બેઠક યોજી હતી જેમાં તમામ પાસા ચર્ચાયા હતા.

### સ્વચ્છતા માટે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સામૂહિક પ્રયાસો સતત કરવા જોઈએ. સ્વચ્છતાની સાથેસાથે સામાજિક સમરસતા અંગે જાગૃતિ આવે તેવા સામૂહિક પ્રયાસો સતત કરવા જોઈએ. સ્વચ્છતાની સાથેસાથે સામાજિક સમરસતા જળવાય તે બાબતે નવા આયામો જોડી તમામ સમાજોને સાથે લઈ ચાલવું જોઈએ. જેમાં સ્વચ્છતાની ૬૦ મીનિટ બાદ સફાઈ કામદારો સાથે ચા-નાસ્તો કરવો જોઈએ. રાજય સરકારે સમાજમાં સામાજિક સમરસતાનો સંદેશો આપવા શહેરો ગામોમાં સફાઈ કામદારોનું જાહેરમાં સ્વાગત સન્માન કરવાનું નક્કી કર્યુ છે. સ્વચ્છતાનો બોધ નહીં પણ તેને આચરણમાં ઉતારવું જોઈએ, તેમ કહી મંત્રી ચુડાસમાએ આ અભિયાનમાં સૌથી વધુ શૌચાલયોના નિર્માણ પર ભાર મુકવા જણાવ્યું હતું. રાજય સરકારે ૧૦૦ ટકા શૌચાલય બનાવવાનું લક્ષ્યાંક નક્કી કર્યુ છે. તેમાં તમામનો સહકાર જરૂરી છે. આગામી તા. ૨૫-૯ થી ૨-૧૦ ઓક્ટોબર દરમિયાન યોજાનાર સ્વચ્છતા સામાજિક સમરસતા સપ્તાહ દરમિયાન શૌચાલયોના ખાતમૂહૂર્ત થાય તે માટે પણ પ્રયાસો કરવા જોઈએ. સરકારની સાથે સમાજ સંસ્થાઓ જોડાય તો આ અભિયાનને સફળ બનાવી શકાશે. સ્વચ્છતા અભિયાને વેગ આપવા સોશ્યલ મીડીયાનો પણ મહત્તમ ઉપયોગ કરવા મંત્રી ચુડાસમાએ સુચન કર્યુ હતુ. અગ્રસચિવ અને ગ્રામ વિકાસ કમિશનર જયંતિ રવિએ રાજયને ખુલ્લામાં શૌચમુક્ત બનાવવાના રાજય સરકારના અભિયાનમાં તમામ લોકોનો સહકાર મળે તેવો અનુરોધ પણ કર્યો હતો. આ બેઠકમાં સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહને સફળ બનાવવા પદ્મ ડાહ્યાભાઈ શાસ્ત્રી, સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા, રામકૃષ્ણ મિશન વડોદરાના સ્વામી નિખિલેશ્વરાનંદજી, હાસ્ય કલાકાર શાહબુદ્દીન રાઠોડ, ગાયિકા ફરિદા મીર, સેવા સંસ્થાના મનાલી, ડાયરાના કલાકાર કિર્તીદાનભાઈ ગઢવી, કલ્ચર ફોરમના કૃષ્ણકાન્તભાઈ જહા સહિત મહાનુભાવોએ સ્વચ્છતા સામાજિક સમરસતા અંગે સુચનો કર્યા હતા.

## રૂપાલની પલ્લીને અનુલક્ષી ગ્રામજનોએ ડેરીમાં દૂધ ભરાવાનું બંધ કર્યુ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરથી માત્ર ૧૩ કિલોમીટર દુર આવેલા રૂપાલ ગામમાં સાડાપાંચ હજાર વર્ષથી આસો સુદ ૯ ના દિવસે વરદાયિની માતાજીની પલ્લી યાત્રા નીકળે છે. જેમાં ભાવિકો માતાજીની પલ્લી પર શુધ્ધ ઘીનો અભિષેક કરે છે. વરદાયિની માતાજીની પલ્લીમાં શુધ્ધ ઘી ના અભિષેક માટે ગ્રામજનો દ્વારા શ્રાદ્ધપક્ષથી ગામની ડેરીમાં દુધ ભરાવાનું બંધ કરવામાં આવ્યું છે. નવરાત્રી સુધીના દુધમાંથી જે ઘી તૈયાર થશે તેનો ગ્રામજનો દ્વારા અભિષેક કરવામાં આવે છે. જેથી આ સમયગાળા દરમિયાન રૂપાલ ગામની ડેરીમાં દુધની આવક નહીવત રહેતા તેની અસર શહેરમાં આવેલ ડેરીમાં પણ પડે છે. જયારે ગામના પશુપાલકો દ્વારા ડેરીમાં દુધ નહી ભરાવતા અન્ય ગ્રામજનોને શ્રાધ્ધપક્ષનું દુધ સરળતાથી મળી રહેતા ગામમાં સબંધ પણ સચવાય છે.

ગાંધીનગર જિલ્લામાં વરદાયિની માતાજીનું પ્રસિધ્ધ મંદિર આવેલુ છે. વરદાયિની માતાના મંદિરે દર પૂનમે હજ્જારો ભકતો આવતા મેળાનો માહોલ જામે છે. ગાંધીનગર સહિત રાજયભરના નાગરીકો દુરદુરથી માતાજીના દર્શનાર્થે આવે છે. જેમાં ખાસ કરીને નવરાત્રીમાં આસોસુદ ૯ ના દિવસે નીકળતી પલ્લીનું વિશેષ મહત્વ રહેલું છે. રૂપાલ ગામમાં રાત્રે પલ્લીનો માહોલ જોવા લાખો ભાવિકો ઉમટે છે. પલ્લીમાં ભકતો દ્વારા લાખો કિલો ઘી નો અભિષેક કરવામાં આવે છે. પલ્લી યાત્રા ગામના વિવિધ માર્ગો પર ફરતા રાત વિતી જાય છે. રૂપાલની પલ્લી નિહાળવા વિદેશથી પણ ભકતો આવે છે ત્યારે પલ્લીમાં ભકતોનો માનવમહેરામણ ગામમાં ઉમટી પડે છે. ત્યારે રૂપાલની પલ્લીને અનુલક્ષીને ગ્રામજનો દ્વારા શ્રાધ્ધપક્ષના પ્રારંભથી જ દુધ ભરાવાનું બંધ કરી દેવામાં આવે છે. પલ્લીમાં શુધ્ધ ઘીના અભિષેક માટે ગ્રામજનો દ્વારા પોતાના ઘરે જ ઘી તૈયાર કરવામાં આવે છે. રૂપાલમાં ડેરીનું દુધ બંધ થઈ જતા શહેરની ડેરીને પણ અછત વર્તાય છે. ત્યારે શ્રાધ્ધપક્ષમાં રૂપાલ ગામના નાગરીકોને પિતૃઓના શ્રાધ્ધ માટે દુધ સરળતાથી મળી રહે છે જેથી ગામમાં એકબીજાના સંબંધ પણ સચવાય છે.



ગાંધીનગરના ગીર ફાઉન્ડેશન ખાતે પર્યાવરણીય શિબિર યોજાઈ હતી. જેમાં સી.યુ. શાહ સાયન્સ કોલેજ અમદાવાદના જીવ વિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ત્રિદિવસીય શિબિર દરમિયાન વિદ્યાર્થીઓ વિશ્વ ઓઝોન દિવસની ઉજવણીના ભાગ રૂપે પાર્કમાંથી પ્લાસ્ટિકનો કચરો દૂર કર્યો હતો. કાર્યક્રમના અંતે ડૉ. કામિનીબેન રાવલે પર્યાવરણના જતન અંગે પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ કાર્યક્રમમાં ફાઉન્ડેશનના ડાયરેકટર અને ડેપ્યુટી ડાયરેકટર ડી.સી. મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

## રૂફટોપ સોલર ફોટોવોલ્ટીક ઈન્સ્ટોલર માટે રાષ્ટ્રીય પ્રમાણીકીકરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૧

પ્રતિષ્ઠિત રૂફટોફ સોલર ફોટોવોલ્ટીક ઈન્સ્ટોલર માટેના રાષ્ટ્રીય પ્રમાણીકીકરણ કાર્યક્રમ ('સર્ટિફિકેશન પ્રોગ્રામ')ના ઉદ્ઘાટન સમારોહમાં સુજીત ગુલાટી, અધિક મુખ્ય સચિવ, ઊર્જા અને પેટ્રો-કેમિકલ્સ ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર, સંતોષ વૈદ્ય, જોઈન્ટ સેક્રેટરી, નવીન અને પુનઃ પ્રાપ્ત ઊર્જા મંત્રાલય (MNRE), ભારત સરકાર, ઈશ્વરભાઈ ભાવસાર, ચેરમેન, ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA) સૌની એક છત્ર હેઠળની માનવંતી ઉપસ્થિતિ હતી.

રૂફટોપ સોલર તેનાથી મળતા સઘળા લાભ છતાં વિતરણમાં રહેલ જટિલતા અને આ ક્ષેત્રના ટેકનો સોશિયલ પ્રકારના લીધે સરકાર માટે અમલીકરણ કરવામાં ભારે પડકારભર્યુ ક્ષેત્ર છે. આનો સ્વીકાર કરતાં ભાવસારે જણાવ્યું કે કેન્દ્ર અને રાજ્ય સ્તરની સબસિડી હોવા છતાં અમે પ્રારંભિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છીએ. રાજ્યમાં રહેણાકી રૂફટોપ સોલર ઈન્સ્ટોલેશન માટે ગુણવત્તાપૂર્ણ સાધન અને કારીગરી સુનિશ્ચિત કરવી એ એક મુખ્ય પડકાર છે. કારણ કે અકુશળ ઈલેક્ટ્રિશિયન આ પ્રણાલી પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કરે અને વપરાશકાર ટેકનોલોજી વિશે અજાણ હોઈ શકે છે. અંદાજ મુજબ ભારતમાં સને ૨૦૨૨ સુધીમાં ૪૦ હજાર મે. વોટના રૂફટોપ સોલરના લક્ષ્યાંકને હાંસલ કરવા કુશળતા ધરાવતા ૧૦ લાખ સોલર ટેકનિશિયનની જરૂર પડશે.

ડૉ. ઓમકાર જાની, પ્રિન્સિપલ રિસર્ચ સાયન્ટીસ્ટ (સોલર એનર્જી), GERMI એ જણાવ્યું કે આટલા બધા ટેકનિશિયન એક જ સંસ્થા તૈયાર કરી આપે તે અશક્ય વાત છે. તેથી અમે દેશભરમાં ૧૦૦ ભાગીદાર તાલીમી સંસ્થાઓમાં ટેકનિશિયન્સ તૈયાર કરવા કોશિશ કરી રહ્યા છીએ.

આ કાર્યક્રમ ૨૦૧૫ની વાઈબ્રન્ટ ગુજરાત સમિટ દરમિયાન પિયૂષ ગોયલ, કોલસો, ઊર્જા અને પુનઃ પ્રાપ્ય ઊર્જાના કેન્દ્રિય મંત્રી દ્વારા શરૂ કરાયો હતો. હાલની તાલીમ કાર્યશાળા પ્રશિક્ષકો માટે ચાલતી ચોથી તાલીમશાળા છે.

વૈદ્યે જણાવ્યું કે પ્રધાનમંત્રીના સ્વપ્ન સમાન વિરાટ સોલર લક્ષ્યાંક સિદ્ધ કરવા બધા જ હિતધારકોએ સુમેળપૂર્વક કામ કરવું પડશે. ઉદ્ઘાટન સમારંભમાં ગુજરાત અને બહારના અધિકૃત તાલીમ સંસ્થાઓમાં ૬૦ થી વધુ ટેકનિશિયનોને પદવી અપાઈ. ગુલાટી દ્વારા સંખ્યાબંધ રૂફટોપ સોલર ઈન્સ્ટોલેશન કંપનીઓની હાજરીની નોંધ લેવામાં આવી. આ કાર્યક્રમ દરમિયાન ટેકનિશયનોને લગભગ ૧૦૦ ટકા નોકરીઓ આપવામાં આવી.

યુનિવર્સિટી વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમ દ્વારા આધુનિક કૌશલ્ય વિકાસનો પાયો મજબૂત કરીને તેમની રોજગારી પ્રાપ્તિ ક્ષમતામાં વધારો કરશે. રૂફટોપ સોલર ફોટોવોલ્ટીક ઈન્સ્ટોલર માટે રાષ્ટ્રીય પ્રમાણીકીકરણ કાર્યક્રમ સોલર વ્યવસાય હેતુ માટે તાલીમી ક્ષમતા વિકસાવનાર મંચ સાબિત થશે. હરિનારાયણે જણાવ્યું કે આ કાર્યક્રમ ગુજરાત મોડેલનો એક ભાગ છે કારણ કે તે ઉત્કૃષ્ટતા અને સાતત્ય પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. અમે દેશભરમાં તેને વિસ્તારવા ઈચ્છીએ છીએ.

### કંપની સમાચાર

### એચપીએલ ઈલેક્ટ્રિક એન્ડ પાવર લિમિટેડનો આઈપીઓ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૬ને ગુરૂવારે ખુલશે અને ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૬ને સોમવારે બંધ થશે પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૭૫ થી રૂ. ૨૦૨

એચપીએલ ઈલેક્ટ્રિક એન્ડ પાવર લિમિટેડ ("કંપની")એ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ રોકડના બદલામાં શેરદીઠ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર")નો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે, જેની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૭૫ થી રૂ. ૨૦૨ નક્કી કરવામાં આવી છે. અને આ આઈપીઓ મારફતે કંપની કુલ રૂ. ૩,૬૧૦ મિલિયન ("ઈશ્યૂ") ઉભા કરવા ઈચ્છે છે. ઈશ્યૂ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ સોમવારે બંધ થશે. બિડ્સ લઘુત્તમ ૭૦ ઈક્વિટી શેર માટે થઈ શકશે અને પછી ૭૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ ("બીઆરએલએમ") એસબીઆઈ કેપિટલ માર્કેટસ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ સીક્યોરિટીઝ લિમિટેડ અને આઆઈડીએફસી બેંક લિંમિટેડ છે.

સેબી આઈસીડીઆર નિયમન મુજબ, બીઆરએલએમ સાથે ચર્ચા કરીને કંપની એન્કર રોકાણકારોની સહભાગિતાનો વિચાર કરી શકે છે. એન્કર રોકાણકારના બિડિંગની તારીખ બિડ/ઈશ્યૂ ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ અગાઉ હશે.

ઓફર મારફતે ઓફર થનાર ઈક્વિટી શેરનું સિસ્ટિંગ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("એનએસઈ") અઈને બીએસઈ લિમિટેડ "બીએસઈ" પર થશે.

## ૨૩ આઈએએસની બદલી

ગાંધીનગર, તા.૨૧

૨૩ આઈએએસ અધિકારીઓની બદલીના આદેશો મોડી રાત્રે જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ચાર શહેરોના મ્યુનિ કમિશનર સહિત અમદાવાદના બે મ્યુનિસિપલ કમિશનરનો પણ સમાવેશ થાય છે. રાજકોટના મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાને જીએસઆરટીસીના વાઈસ ચેરમેન બનાવવામાં આવ્યા છે જ્યારે વીજે રાજપૂતને જૂનાગઢના મ્યુનિસિપલ કમિશનર બનાવવામાં આવ્યા છે. હાલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડીવાયએમસી તરીકે ફરજ બજાવી રહેલા ડીએસ શાહની સીએમઓ કાર્યાલયમાં ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. બદલી કરાયેલા અધિકારીઓના નામ, અગાઉ ક્યાં હતા અને હવે કઈ જગ્યાએ બદલી થઈ છે તે નીચે મુજબ છે.

| અધિકારી | બદલી |
|---|---|
| મુકેશ પુરી | સેક્રેટરી નર્મદા વિભાગ |
| એમએસ ડાગુર | પોર્ટ અને ટ્રાન્સપોર્ટ વિભાગનો વધારાનો હવાલો સોંપાયો |
| એમ થેત્રારસન | એસએમસીના કમિશનર બનાવાયા |
| શાહમીના હુસૈન | મહિલા અને બાળ વિભાગના કમિશનરપદે બદલી |
| પંકજ જોશી | એમડી ગુજરાત ઊર્જા વિકાસનિગમ |
| અંજુ શર્મા | કૃષિ સહકાર વિભાગમાંથી બદલી કરી શિક્ષણ વિભાગના અગ્ર સચિવ |
| ડૉ. એસ મુરલી ક્રિષ્ના | કૃષિ અને સહકાર વિભાગ |
| મોહમ્મદ શાહીદ | માછીમારી વિભાગના કમિશનર |
| એસએલ અમરાણી | સંયુક્ત સચિવ, શ્રમ અને રોજગાર વિભાગ |
| વિજય નહેરા | રાજકોટ મ્યુ. કમિશનરમાંથી બદલી કરી જીએસઆરટીસીના વીસી અને એમડી બનાવાયા |
| પંકજ નહેરા | અગ્ર સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ |
| આર બી બારડ | અમદાવાદના ડે.મ્યુ કમિશનરમાંથી બદલી કરી જામનગર મ્યુ. કમિશનર બનાવાયા |
| હર્ષદ પટેલ | જામનગર મ્યુ.કમિશનરમાંથી બદલી કરી જનરલ એડમિનિસ્ટ્રેશનમાં મુકાયા |
| મિલિંદ તોરવણે | ગુજરાત અર્બન હાઉસિંગ વિભાગમાં વધારાનો હવાલો |
| એસ છકછુક | સ્ટેમ્પ ડ્યુટી નોંધણી વિભાગ |
| રવિશંકર | જુનાગઢ મ્યુ. કમિશનરમાંથી બદલી ગ્રામવિકાસ વિભાગમાં મુકાયા |
| જેડી દેસાઈ | શ્રમ વિભાગના ડાયરેક્ટર પદે બદલી |
| વીજે રાજપુત | જુનાગઢ મ્યુ.કમિશનર તરીકે બદલી |
| તુષાર ધોળકીયા | નર્મદા કલ્પસરમાં બદલી |
| રાકેશ શંકર | અમદાવાદ ડે.મ્યુ. કમિશનર પદે બદલી |
| ડીએચ શાહ | અમદાવાદ ડે.મ્યુ. કમિશનરમાંથી બદલી સીએમઓમાં ઓએસડી બનાવાયા |
| અજય ભાદુ | વાઈસ ચેરમેન અને ચીફ એકિઝ્ક્યુટિવ ઓફિસર ગુજરાત મેરી ટાઈમ બોર્ડ સેક્રેટરી, મુખ્યપ્રધાન કાર્યાલય |
| અશ્વિનીકુમાર | સેક્રેટરી, મુખ્યપ્રધાન કાર્યાલય |

## ચારૂતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે "ક્ષિતિજ-૧૬"નું આયોજન

સી.વી.એમ. સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના ઝોન-૩નો છઠ્ઠો યુથફેસ્ટિવલ "ક્ષિતિજ-૧૬" તા. ૨૨-૯-૨૦૧૬ થી ૨૪-૯-૨૦૧૬ના રોજ યોજાનાર છે. જેમાં જીટીયુ ઝોન-૩ની ૧૯ કોલેજના ૮૦૦થી વધારે વિદ્યાર્થીઓ અલગ અલગ ૨૫ સ્પર્ધાઓમાં ભાગ લેનાર છે. ક્ષિતિજ-૧૬ના પ્રથમ દિવસે સ્કિટ, ફોક ડાન્સ, વેસ્ટર્ન વોકલ સોલો, વેસ્ટર્ન ગ્રુપસોંગ, મિમિક્રી, કાર્ટુનીંગ, કોલાજ, ક્વિઝ, માઈમ ઈવેન્ટસ છે. દ્વિતીય દિવસે કલાસિકલ ડાન્સ, વન એક્ટ પ્લે, કલાસિકલ ઈન્સ્ટ્રુમેન્ટલ, ઓન ધ સ્પોટ પેઈન્ટીંગ, પોસ્ટર, ડિબેટ રંગોલી ઈવેન્ટસ છે.

તૃતીય દિવસે ફોક ઓર્કેસ્ટ્રા, ઈન્ડીયન ગ્રુપ સોંગ, એડ મેકિંગ, ઈલોક્યુશન, કલે મોડેલિંગ જેવી ઈવેન્ટસનો સમાવેશ થાય છે. ક્ષિતિજ-૧૬નો ઉદ્ઘાટન સમારંભ બી.વી.એમ.ના પટાંગણ ખાતે સી.વી.એમ.ના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ, જી.ટી.યુ.ના કુલ સચિવ ડૉ. જે.સી. લીલાણી આણંદના પોલીસ વડા સૌરભ સિંઘ, કોલેજના આચાર્ય ડૉ. આઈ.એન. પટેલ તથા સી.વી.એમ.ના હોદ્દેદારો અને સમગ્ર ગુજરાતના જુદી જુદી સંસ્થાના વડાની ઉપસ્થિતિમાં યોજાનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે ક્ષિતિજ-૧૬ને સફળ બનાવવા માટે કોલેજના આચાર્ય ડૉ. આઈ.એન. પટેલ, યુથ ફેસ્ટિવલના કો-ઓર્ડિનેટર પ્રો. બી.એસ. પટેલ, પ્રો. અમિત ભાવસાર, પ્રો. આકાર રોગલિયા તથા કુ. શ્વેતા અને અલપ અને સ્ટડન્ટ કાઉન્સીલ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. ક્ષિતિજ-૧૬ને લઈને વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટીમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## ભિલોડાના રાયસીંગપુર પાસે જીપની ટક્કરમાં યુવાનનું મોત

ભિલોડા તાલુકાના રાયસીંગપુર પાસે જીપચાલકે પુરપાટ ઝડપે ગફલતભરી રીતે જીપ હંકારતાં જીપના સ્ટેરીંગ ઉપરનો એકા-એક કાબુ જીપ ચાલકે ગુમાવી બેસતાં ભિલોડા-વિજયનગર ધોરીમાર્ગ ઉપર આવેલ રાયસીંગપુર ગામ પાસે રોડની સાઈડમાં પથ્થર અને માટીના ઢગલા ઉપર જીપ નંબર.જી.જે.૧.બી.કે.૭૫૪૪ ચડાવી દેતાં જીપ પલટી ખાતા ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા એકત્રીત થઈ ગયા હતા. જીપમાં બેઠેલા મુસાફર યુવાન જીતેન્દ્રભાઈ લક્ષ્મણભાઈ પાંડોર, ઉંમર.વર્ષ-૨૭, રહેવાસી. વીરપુર, તા.ભિલોડા નું કરૂણ મોત નિપજતાં પરીવારજનો અને સગાં-સબંધીઓ હૈયાફાટ રૂદન કરતા હતા. લક્ષ્મણભાઈ સળુજી પાંડોરએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા જીપ ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




